# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી આજે સાસણગીર ખાતે રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડની સાતમી બેઠકની અધ્યક્ષતા કરશે.**
2. **આજે વિશ્વ વન્યજીવ દિવસ , પ્રોજેક્ટ લાયન અંતર્ગત જુનાગઢના નવા પીપળીયા ખાતે નેશનલ રેફરલ સેન્ટર નિર્માણ પામશે.**
3. **પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના ત્રિવેણી સંગમ ઘાટ ખાતે લોકો બનારસની જેમ હોડીમાં બેસીને સંગમની આરતી નિહાળી શકશે.**
4. **રાજ્યમાં 2 દિવસ બાદ મહત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી.**
5. **ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે ન્યૂઝીલેન્ડને 44 રને પરાજય આપ્યો.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM MODI SASAN GIR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમની ગુજરાત યાત્રાના છેલ્લાં તબક્કામાં આજે જુનાગઢ જિલ્લાના સાસણ ગીર ખાતે રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડ ( NBWL) ની સાતમી બેઠકની અધ્યક્ષતા કરશે.

શ્રી મોદીએ ગઈકાલે , જામનગરમાં વનતારા પ્રાણી બચાવ કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમણે સોમનાથ મંદિર માં પૂજા અર્ચના કરી હતી. પ્રધાનમંત્રીએ મોડી સાંજે સાસણ ખાતે સોમનાથ ટ્રસ્ટની બેઠકની અધ્યક્ષતા કરી હતી.

દરમિયાન પ્રધાનમંત્રીએ એક સોશિયલ મિડિયા પોસ્ટમાં જણાવ્યું કે , તેમણે પ્રયાગરાજ ખાતે મહાકુંભની પૂર્ણાહુતિ બાદ સોમનાથ જવાનો નિશ્ચય કર્યો હતો . તેમણે ઉમેર્યું કે, સોમનાથ મંદિરમાં દર્શન કરીને તેમણે ધન્યતા અનુભવી.

વધુ વિગત અમારા સંવાદદાતા પાસેથી....

## (VOICE CAST – APARNA KHUNT)

*ત્રણ દિવસની ગુજરાત યાત્રાના છેલ્લાં દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એશિયાઈ સિંહોના એકમાત્ર નિવાસ સ્થાન એવા સાસણ ગીરની મુલાકાતે પધાર્યા છે. તેઓ આજે સવારે વિશ્વ વન્ય દિવસ નિમિત્તે ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં જંગલ સફારીનો આનંદ માણી રહ્યા છે. ત્યાર બાદ શ્રી મોદી રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડ ( NBWL) ની સાતમી બેઠકની અધ્યક્ષતા કરશે. પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં આ બોર્ડ વન્યજીવન અને જંગલોના સંરક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે કામ કરે છે. ઉલ્લેખનીય છે કે , ૨૦૨૦માં થયેલી ગણતરી મુજબ ગિરના જંગલ વિસ્તારમાં સિંહની કુલ વસતી ૬૭૪ છે.*

**અપર્ણા ખુંટ આકાશવાણી સમાચાર અમદાવાદ**

# WILD LIFE DAY

આજે ત્રીજી માર્ચે 'વાઇલ્ડલાઇફ કન્ઝર્વેશન ફાઇનાન્સ: ઇન્વેસ્ટિંગ ઇન પીપલ એન્ડ પ્લેનેટ' વિષયવસ્તુ સાથે વિશ્વ વન્યજીવ દિવસની ઉજવણી કરાશે. વિશ્વમાં લુપ્ત થવાને આરે ઉભેલા વન્યજીવો , વનસ્પતિઓના સંરક્ષણ , સંવર્ધન અને જાળવણીની જાગૃતિ કેળવવા દર વર્ષે આ દિવસ ઉજવાય છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ.

**(VOICE CAST – MAYUR SOLANKI)**

*કેન્દ્ર સરકારના પ્રોજેક્ટના ભાગરૂપે વન્યજીવોના આરોગ્ય માટે જૂનાગઢ જિલ્લાના નવા પીપળિયા ખાતે 20.24 હેક્ટરથી વધુ જમીન પર નેશનલ રેફરલ સેન્ટર બનવા જઇ રહ્યું છે. આ ઉપરાંત, સાસણમાં વન્યજીવન ટ્રેકિંગ માટે એક હાઇ-ટેક મોનિટરિંગ સેન્ટર અને એક અત્યાધુનિક હોસ્પિટલનું નિર્માણ પણ કરાયુ છે. એશિયાઇ સિંહોના સંરક્ષણ માટે પણ વિવિધ પગલાંઓ લેવાયા છે. વર્ષ 2024માં ગીર ખાતે 237 વન રક્ષકની ભરતી કરાઇ હતી, જેઓ સંરક્ષિત વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી સિંહોના રહેઠાણોનું રક્ષણ કરે છે. આ ઉપરાંત ગીરમાં સંરક્ષણ પ્રયાસો અને પ્રવાસનને સંતુલિત કરવા માટે વર્ષ 2017માં આંબરડી સફારી પાર્કની રચના કરાઇ હતી.*

મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ

# JITENDRA SINGH SCIENCE CITY

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલૉજી રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંઘે કહ્યું , "ગ્રામીણ ક્ષેત્રમાં શહેરો જેવી જ ટેક્નોલૉજીનો આવિષ્કાર કરીશું તો જ વિકસિત ભારતના સંકલ્પને ઝડપથી સાકાર કરી શકાશે. " અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ગઈકાલે યોજાયેલા નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન- N.I.F.ના રજત જયંતી સમારોહની ઉજવણી પ્રસંગે ઑનલાઈન માધ્યમથી ઉપસ્થિત રહેલા શ્રી સિંઘે આ મુજબ જણાવ્યું હતું. શ્રી સિંઘે વિકસિત ભારતના નિર્માણમાં N.I.F.ના માધ્યમથી ગ્રામીણ ભારતના નાગરિકો પણ યોગદાન આપે તેવી અપીલ કરી હતી.

શ્રી સિંઘે દેશના અંતરિયાળ વિસ્તારોના ઇનોવેટર્સને પ્રોત્સાહન પૂરૂં પાડવા બદલ N.I.F.ના કાર્યની પ્રશંસા કરી હતી. તેમણે એશિયા-ઇન્ડિયા ઇનોવેશન, ઇન્ડિવિડ્યુઅલ ફૉકસ, ઇનોવેશન ઇકો-સિસ્ટમ અને ગ્રાસરૂટ ઇનોવેશન સ્ટાર્ટ-અપ પર પણ ભાર મુક્યો હતો.

# CR PATIL NAVSARI

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે આઠ માર્ચે નવસારીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાનારા લખપતિ દીદી સન્માન સમારોહની તૈયારીઓની ગઈકાલે સમીક્ષા કરી હતી. દરમિયાન શ્રી પાટીલે કાર્યક્રમની વિગત આપી હતી.

**(બાઈટ : સી.આર.પાટીલ - કેન્દ્રીય મંત્રી)**

# MILK TRANSPORTATION

રાજ્યમાં પ્રથમ વખત ભાવનગરના ઘોઘાથી સુરતના હજીરા ખાતે કાચા દૂધને દરિયાઈ માર્ગથી વહનનો પ્રારંભ થયો છે. દૂધ ઉત્પાદકોની સંસ્થા માહી ડેરી દ્વારા સૌરાષ્ટ્રમાંથી દૂધ એકત્ર કરીને રો-રો ફેરી સેવાના માધ્યમથી દક્ષિણ ગુજરાત સુધી દૂધ પહોંચાડવાનું કામ હાથ ધરાયું છે. ગઈકાલે ભાવનગર ખાતેથી રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના અધ્યક્ષ ડો. મીનેશ શાહે આ સુવિધાનું ઉદ્ઘાટન કરાવ્યું હતું.

(બાઈટ : ડો.મીનેશ શાહ, અધ્યક્ષ, રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ)

# SATISH DUBEY

વાણિજ્યિક કોલસા ખાણકામને પ્રોત્સાહન આપવા અને ખાનગી રોકાણ આકર્ષવાના ભાગ રૂપે , કોલસા મંત્રાલયે આજે ગાંધીનગરમાં વાણિજ્યિક કોલસા ખાણ હરાજી અને રોકાણની તક પર એક રોડ શોનું આયોજન કર્યું છે . આ કાર્યક્રમનો ઉદ્દેશ ભારતના કોલસા ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને વેગ આપવા માટે ઉદ્યોગના હિસ્સેદારો , સંભવિત રોકાણકારો અને નીતિ નિર્માતાઓને એકસાથે લાવવાનો છે.

આ પ્રસંગે કેન્દ્રીય કોલસા અને ખાણ રાજ્યમંત્રી સતીશ ચંદ્ર દુબે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે . કોલસા મંત્રાલય વાણિજ્યિક કોલસા ખાણકામને પ્રોત્સાહન આપવા શ્રેણીબદ્ધ રોડ શો દ્વારા હિસ્સેદારો સાથે સક્રિય રીતે જોડાઈ રહ્યું છે.

વાણિજ્યિક કોલસા ખાણ હરાજીનો 12મો રાઉન્ડ માર્ચના બીજા અઠવાડિયામાં શરૂ થવાની ધારણા છે.

# SOMNATH BOATING

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના ત્રિવેણી સંગમ ઘાટ ખાતે હવે લોકો હોડીમાં બેસીને સંગમમાં આરતી નિહાળી શકશે. જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ ગઈકાલે સંગમ ઘાટ ખાતે બોટિંગનો પ્રારંભ કરાવતા કહ્યું , “બનારસમાં જે રીતે શ્રદ્ધાળુઓ હોડીમાં બેસીને મા ગંગાની આરતી કરે છે. તે જ રીતે આ સંગમ ઘાટ પર પણ શ્રદ્ધાળુઓ હોડીમાં બેસીને સંગમ આરતી કરી શકશે. આ બોટિંગ સુવિધાનો વધુને વધુ શ્રદ્ધાળુઓ લાભ લઈ શકે તેવું આયોજન આગામી સમયમાં કરાશે.”

**(બાઈટ – દિગ્વસિંહજ જાડેજા, કલેક્ટર)**

કલેક્ટરશ્રીએ ઉમેર્યું, આ સંગમ ઘાટ પર લોકો અસ્થિ વિસર્જન માટે આવતા લોકો પણ બોટિંગનો લાભ મેળવી શકશે. જ્યારે સામે કાંઠે રહેલા રામેશ્વર મંદિર જવા માટેની પણ સુવિધા કરાશે.

# NARMADA SUGAR- ITHENOL

નર્મદાના ધારીખેડા ખાતે આવેલી નર્મદા સુગર ફેક્ટરી શેરડી પીલીને દૈનિક 1 લાખ 20 હજાર લિટર ઇથેનોલનું ઉત્પાદન કરનાર રાજ્યની પ્રથમ ફેક્ટરી બનશે. આ ઇથેનોલ ત્રણ સરકારી ઓઈલ કંપની દ્વારા સીધું જ ખરીદાતા ભરૂચ અને નર્મદા જિલ્લાના 6 તાલુકાના 22 હજાર ખેડૂતોને આનો લાભ મળી રહ્યો છે. સુગર ફેક્ટરીના વડા નરેન્દ્ર પટેલે આ અંગે માહિતી આપી હતી

**(બાઈટ - નરેન્દ્ર પટેલ – એમ.ડી.,નર્મદા સુગર ફેકટરી)**

# WEATHER

રાજ્યમાં આગામી 2 દિવસ મહત્તમ તાપમાન યથાવત્ રહેશે અને ત્યારબાદ મહત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી છે. હવામાન ખાતાની યાદી મુજબ, ગત 24 કલાકમાં રાજ્યમાં હાલ મહત્તમ તાપમાન સરેરાશ 34.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

અમરેલી, કચ્છના કંડલા હવાઈમથક , રાજકોટ, સુરેન્દ્રનગર, જુનાગઢના કેશોદ, અમદાવાદ , ગાંધીનગર અને વડોદરામાં મહત્તમ તાપમાન 35 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે સૌથી ઓછું 17 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન કેન્દ્રશાસિત પ્રદેશ દીવ અને ભાવનગરના મહુવામાં નોંધાયું હતું.

# SURAT LOKARPAN – PRAFUL PANSERIYA

સુરતના કામરેજમાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ 24 કરોડ 14 લાખ રૂપિયાના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું. જેમાં તાલુકાના વિવિધ વિસ્તારોને જોડતા માર્ગોના નવીનીકરણ સહિતના કામોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે શ્રી પાનશેરીયાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર ગામડાઓ અને શહેરી વિસ્તારોને આધુનિક અને સુવિધાસભર બનાવવા સતત પ્રયત્નશીલ છે.

# IND VS NZ CRICKET

ICC પુરુષોની ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે ન્યૂઝીલેન્ડને ગ્રૂપ A ની એક દિવસની મેચમાં 44 રને પરાજય આપ્યો છે. દુબઇ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ભારતે જીત માટે આપેલા 250 રનના લક્ષ્યાંકનાં જવાબમાં ન્યૂઝીલેન્ડ 45 ઓવર 3 બોલમાં 205 રને ઓલઆઉટ થઈ ગયું હતું.

ન્યૂઝીલેન્ડ વતી કેન વિલિયમસને 81 રન કર્યાં હતા. ભારત વતી વરૂણ ચક્રવર્તીએ પાંચ વિકેટ ઝડપી અને કુલદીપ યાદવે બે વિકેટ લીધી હતી. વરુણ ચક્રવર્તીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે , બંને ટીમ સેમી ફાઇનલમાં પહેલાંથી જ પોતાનું સ્થાન બનાવી ચૂકી છે. મંગળવારે સેમીફાઇનલમાં ભારત ઓસ્ટ્રેલિયા સામે અને ન્યૂઝીલેન્ડ બુધવારે દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે.